સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 39

[19/09/21 to 25/09/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 19 SEP-2021


- 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓને મફત શિક્ષણ ........ 02
- શહેરી આયોજન સુધારણા : નીતિ આયોગ ........ 02
- QUESTION ANSWERS ........ 06


## 20 SEP-2021


- દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે (Delhi- Mumbai Express Way) ........ 07
- કાયદા અને ન્યાયમંત્રાલયે 'એક પહેલ અભિયાન' (Ek Pahal Drive) શરૂ કર્યુ ........ 08
- વર્લ્ડ બેંક 'ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ'નું પ્રકાશન બંધ કરશે ........ 08
- QUESTION ANSWERS ........ 09


## 21 SEP-2021


- દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર, (1) વિશ્વ શાંતિ દિવસ (2) વિશ્વ અલ્ઝાઈમર દિવસ ........ 10
- WIPO દ્વારા પ્રસિધ્ધ થયેલા Global Innovation Index- 2021માં ભારત 46મા ક્રમે ........ 10
- FSSAI 'State Food Safety Index, 2020-21'માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત પ્રથમ ........ 13
- પંજાબના નવા મુખ્યમંત્રી : શ્રી ચરણજીત સિંહ ચન્ની ........ 15
- QUESTION ANSWERS ........ 16


## 22 SEP-2021


- દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર, (1) વિશ્વ કાર મુક્ત દિવસ (2) વિશ્વ ગુલાબ દિવસ (3) વિશ્વ ગેંડા દિવસ ........ 17
- GST કાઉન્સિલની 45મી બેઠક ........ 18
- ભારતીય વાયુસેનાના નવા વડા તરીકે શ્રી વિવેક રામ ચૌધરીની નિમણૂક ........ 19
- QUESTION ANSWERS ........ 20


## 23 SEP-2021


- દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ ........ 21
- સુશ્રી મિતાલી રાજના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 20,000 રન ........ 21
- ભારતના વધુ બે દરિયા કિનારાને 'Blue Flag Certification' મળ્યું ........ 21
- QUESTION ANSWERS ........ 23


## 24 SEP-2021


- સૂર્ય કિરણ XV ........ 24
- પેટન્ટ (સુધારો) નિયમો, 2021 ........ 24
- વિશ્વના સૌથી ઊંચા ઈલેક્ટ્રિક વાહન ચાર્જીંગ સ્ટેશનનું ઉદ્ઘાટન હિમાચલ પ્રદેશના કાઝા ખાતે કરવામાં આવ્યું ........ 25
- લેહ હિમાલયન ફિલ્મ ફેસ્ટિવલની પ્રથમ આવૃત્તિનું આયોજન કરશે ........ 25
- QUESTION ANSWERS ........ 27


## 25 SEP-2021


- સંરક્ષણ મંત્રાલયે 118 યુધ્ધ ટેન્કો માટે 7523 કરોડનો ઓર્ડર આપ્યો ........ 28
- સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર-2020 અંતર્ગત ગુજરાતી ભાષા માટે સુશ્રી કાશ્યપી મહાની પસંદગી ........ 28
- રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર ........ 30
- QUESTION ANSWERS ........ 31

ONE LINER ........ 32

QUESTION OF THIS WEEK ........ 36


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓને મફત શિક્ષણ




તાજેતરમાં નીતિ આયોગે ભારતના 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવા માટે 17 સપ્ટેમ્બર, 2021ના રોજ BYJU'Sની સાથે ભાગીદારી કરી છે.

- આ ભાગીદારી હેઠળ BYJU'S વિદ્યાર્થીઓને તેમના ઉચ્ચ–ગુણવત્તાવાળા અને ટેક્નોલોજી આધારિત શિક્ષણ કાર્યક્રમોની મફત એક્સેસ પ્રદાન કરશે જેથી ગુણવત્તાયુક્ત શિક્ષણ સુધી માર્ગ સુનિશ્ચિત કરી શકાય.
- આ પ્રોજેક્ટ સમર્પિત કાર્યકારી જૂથની સ્થાપનાની કલ્પના કરે છે, જે બાદમાં જ્ઞાન, નવીનતા અને વ્યૂહરચના સપોર્ટ સિસ્ટમ બનાવવામાં મદદ કરશે.
- 112 'એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્સ' (AD)ની સરકારી શાળાઓમાં BYJU'S કંપનીના 'પ્રીમિયમ લર્નિંગ રિસોર્સિસ' ની મફત એક્સેસ મળશે.
- 'એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્સ' (AD)એ એવા જિલ્લાઓ છે જે સામાજિક–આર્થિક સૂચકાંકોના નીચા સ્તરથી પ્રભાવિત છે. તેઓ એ સંદર્ભમાં મહત્વાકાંક્ષી છે કે આ જિલ્લાઓમાં સુધારાઓ ભારતમાં માનવ વિકાસમાં એકંદરે સુધારો લાવી શકે છે.
- BYJU'S એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા માટે આકાશ ઈન્સ્ટિટ્યૂટ પ્રસ્તાવિત ધોરણ 11 અને 12ના 3000થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મફત કોચિંગ ક્લાસ પણ આપશે.
- તેનો ઉદ્દેશ મહત્વકાંક્ષી જિલ્લાઓની સરકારી શાળાઓમાં બાળકોને વિના મૂલ્યે (મફત અથવા ખૂબ ઓછુ શુલ્ક) પૂરક શિક્ષણ સંસાધનો પૂરો પાડવાનો છે.
- આ ઉપરાંત તેમનો અન્ય ઉદ્દેશ ભારતમાં ઓનલાઈન શિક્ષણ પ્રણાલીમાં સુધારો કરવાનો અને શિક્ષણમાં ડિજિટલ વિભાજનને દૂર કરવાનો છે.

નોંધ : (1) BYJU'S એ બહુરાષ્ટ્રીય શૈક્ષણિક ટેક્નોલોજી કંપની છે.

(2) તેનું મુખ્ય મથક બેંગ્લોર ખાતે આવેલું છે.

## શહેરી આયોજન સુધારણા : નીતિ આયોગ

તાજેતરમાં નીતિ આયોગે 'ભારતમાં શહેરી આયોજન ક્ષમતામાં સુધારા' (Reforms in Urban Planning Capacity in India) શિર્ષક હેઠળ રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.

### રિપોર્ટ વિશે

- આ રિપોર્ટ શહેરી આયોજનના અનેક પાસાઓ પરની ભલામણોનો સમૂહ છે જેમ કે :

(1) સ્વસ્થ શહેરોના આયોજન માટે હસ્તક્ષેપ

(2) શહેરી જમીનનો મહત્તમ ઉપયોગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) માનવ સંસાધન ક્ષમતાઓમાં વધારો

(4) શહેરી શાસનને મજબૂત બનાવવું

(5) સ્થાનિક નેતૃત્વનું નિર્માણ

(6) ખાનગી ક્ષેત્રની ભૂમિકા વધારવી

(7) શહેરી આયોજન શિક્ષણ પ્રણાલીને આગળ વધારવી.

## રિપોર્ટની મુખ્ય ભલામણો

### સ્વસ્થ શહેરોનું આયોજન

- આ રિપોર્ટ અનુસાર 5 વર્ષના સમયગાળા માટે '500 સ્વસ્થ શહેર કાર્યક્રમ' (500 healthy Cities Programme) નામની કેન્દ્રીય ક્ષેત્રની યોજનાની પણ ભલામણ કરવામાં આવી છે.
- આ અંતર્ગત રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે પ્રાથમિક શહેરો અને નગરોને પંસદ કરવામાં આવશે.
- આ કાર્યક્રમ માટે શહેરી જમીનનો મહત્તમ ઉપયોગ પણ થઈ શકે છે.

### શહેરી શાસનનું પુનઃનિર્માણ

- વધુ સંસ્થાકીય સ્પષ્ઠતા અને બહુશાખાકીય કુશળતા દ્વારા શહેરી પડકારોનો ઉકેલ લાવવો.
- રાજ્ય સ્તરે એક ઉચ્ચ સમિતિની રચના કરવાની ભલામણ કરવામાં આવી છે. જેથી યોજના, કાયદાઓ (નગર અને દેશ આયોજન સંબંધિત અથવા શહેરી અને પ્રાદેશિક વિકાસ અધિનિયમો, અન્ય સંબંધિત કાયદાઓ સહિત)ની નિયમિત સમિક્ષા કરી શકાય.


### ખાનગી ક્ષેત્રની ભૂમિકાને મજબૂત બનાવવી

- આ અંતર્ગત ટેકનિકલ કન્સલ્ટન્સી સેવાઓની પ્રાપ્તી માટે યોગ્ય પ્રક્રિયાઓ અપનાવવી, જાહેર ક્ષેત્રમાં પ્રોજેક્ટ સ્ટ્રક્ચર અને મેનેજમેન્ટ કુશળતાને મજબૂત કરવું તથા ખાનગી ક્ષેત્રના સલાહકારોને સામેલ કરવાનો સમાવેશ થાય છે.

### માનવ સંશાધનોને મજબૂત કરવા અને માંગ-પુરવઠાને સંતુલિત કરવાના પગલા

- ભારત સરકારની વૈધાનિક સંસ્થા તરીકે 'રાષ્ટ્રીય નગર અને ગ્રામ યોજનાકારોની પરિષદ' (National Council of Town and Country Planners)ની રચના કરવી.
- આ સાથે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA)ના 'નેશનલ અર્બન ઈનોવેશન સ્ટેક'ની અંદર એક 'નેશનલ ડિજિટલ પ્લેટફોર્મ ઓફ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનર્સ' પણ બનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત શહેરી આયોજનના સાક્ષાત્કાર માટે 'સિટીઝન આઉટરીચ ઝુંબેશ' અને 'શહેરી આયોજન શિક્ષણ પ્રણાલી'ને મજબૂત બનાવવાની ભલામણ કરવામાં આવી છે.

# ભારતમાં શહેરીકરણ




## શહેરીકરણ સ્તર (રાષ્ટ્રીય)

- 31%ના શહેરીકરણ સ્તર સાથે વર્ષ 2011માં ભારતની શહેરી વસ્તી 1210 મિલિયન હતી. (વર્ષ 2011ની વસતી ગણતરી અનુસાર)
- શહેરી કેન્દ્રો (Urban Centers)નું વિતરણ અને શહેરીકરણ (Urbanisation)ની ગતિ સમગ્ર દેશમાં એક સમાન નથી.
- દેશની 75%થી વધુ શહેરી વસતી 10 રાજ્યો–મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કેરળમાં છે.

## રાજ્યવાર પરિદૃશ્ય

- રાષ્ટ્રીય સરેરાશથી ઉપર : ગોવા, તમિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર અને ગુજરાત જેવા રાજ્યોમાં શહેરીકરણનું સ્તર 40%થી વધુ છે.
- રાષ્ટ્રીય સરેરાશથી નીચે : બિહાર, ઓડિશા, આસામ અને ઉત્તરપ્રદેશમાં શહેરીકરણનું સ્તર રાષ્ટ્રીય સરેરાશ (31.1%)થી નીચે છે.
- કેન્દ્રશાસિત પ્રદેશો : દિલ્હી, દમણ અને દીવ, ચંદીગઢ અને લક્ષદ્વીપમાં શહેરીકરણનું સ્તર 75%થી વધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# શહેરી આયોજન કાર્યક્ષમતા વધારવાની જરૂરિયાત

## વધતું શહેરીકરણ

- ભારતની વસતી વિશ્વની વસતીના 11% છે.
- જોકે, સંપૂર્ણ સંખ્યા (Absolute Numbers) દ્વારા, ભારતમાં શહેરી વસતી અમેરિકા, જાપાન, પશ્ચિમ યુરોપ અને દક્ષિણ અમેરિકા જેવા ઉચ્ચ શહેરીકૃત દેશો/પ્રદેશો કરતા વધી ગઈ છે.
- વર્ષ 2011 થી 2036 દરમિયાન ભારતની કુલ વસતીમાં 73% વૃધ્ધિ માટે શહેરી વિકાસ જવાબદાર રહેશે.

## ભારતીય અર્થતંત્રનું કેન્દ્ર

- શહેરીકરણ ભારતના કુલ ઘરેલુ ઉત્પાદન (GDP)માં લગભગ 60% ફાળો આપે છે.

## ભારતના રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યો

- આર્થિક વૃધ્ધી લક્ષ્ય : વર્ષ 2024 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા
- રોજગારીનું લક્ષ્ય : વર્ષ 2030 સુધીમાં કુલ કાર્યબળ 0.64 અબજ હોવાનો અંદાજ છે, જેમાંથી 0.26 અબજ શહેરી વિસ્તારમાં કાર્યરત થશે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર લક્ષ્યો : રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર કાર્યક્રમના ભાગરૂપે 11 મોટા ઔદ્યોગિક કોરિડોરનું નિર્માણ તથા અનેક મલ્ટી–મોડેલ લોજિસ્ટિક્સ પાર્કનું નિર્માણ.
- પર્યાવરણીય સંરક્ષણ લક્ષ્યો : નદી કાયાકલ્પ, શહેરોમાં સ્વચ્છ હવા વગેરે.

## નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન (NIP)

- શહેરી વિસ્તારનો નોંધપાત્ર હિસ્સો (17%) NIP હેઠળ આવરી લેવામાં આવ્યો છે.
- NIP 2020-25ના સમયગાળા દરમિયાન દેશમાં 111 લાખ કરોડના અંદાજિત રોકાણ સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સુવિધા આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®





1. તાજેતરમાં નીતિ આયોગે ભારતના 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવા માટે કોની સાથે ભાગીદારી કરી છે ?

(A) BYJU'S (B) DRDO (C) Doubtnut (D) Brainly **(A)**

2. તાજેતરમાં નીતિ આયોગે ભારતના 112 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં વિદ્યાર્થીઓને મફત શિક્ષણ આપવા માટે BUJU'S સાથે ભાગીદારી કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ભાગીદારી હેઠળ BYJU'S વિદ્યાર્થીઓને તેમના ઉચ્ચ–ગુણવત્તાવાળા અને ટેક્નોલોજી આધારિત શિક્ષણ કાર્યક્રમોની મફત એક્સેસ પ્રદાન કરશે.
2. BYJU'S એન્જિનિયરિંગ અને મેડિકલ પ્રવેશ પરીક્ષા માટે આકાશ ઈન્સ્ટિટયૂટ દ્વારા પ્રસ્તાવિત ધોરણ 11 અને 12ના 3000 થી વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મફત કોચિંગ ક્લાસ પણ આપશે.
3. તેનો ઉદ્દેશ મહત્વાકાંક્ષી જિલ્લાઓની સરકારી શાળાઓમાં બાળકોને વિના મૂલ્યે પૂરક શિક્ષણ સંશાધનો પૂરો પાડવાનો છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

3. તાજેતરમાં કોણે 'ભારતમાં શહેરી આયોજન ક્ષમતામાં સુધારા' (Reforms in Urban Planning Capacity in India) શિર્ષક હેઠળ રિપોર્ટ પ્રકાશિત કર્યો છે ?

(A) NITI Aayog (B) NCPC (C) CCPA (D) NDC **(A)**

4. નીતિ આયોગે તાજેતરમાં પ્રકાશિત કરેલા 'ભારતમાં શહેરી આયોજન ક્ષમતામાં સુધારા' નામના રિપોર્ટમાં ________ નામની કેન્દ્રીય ક્ષેત્રની યોજનાની પણ ભલામણ કરી છે.

(A) 500 મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં ફ્રી શિક્ષણ (B) 500 સ્વસ્થ શહેર કાર્યક્રમ

(C) (A) અને (B) બંને (D) (A) અને (B) પૈકી એકપણ નહીં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે (Delhi- Mumbai Express Way)

તાજેતરમાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ દિલ્હી–મુંબઈ એક્સપ્રેસ વે પરના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી હતી.

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે

તે 1380 કિલોમીટરનો આઠ લેન વાળો એક્સપ્રેસ વે છે. જેને ટ્રાફિક દબાણના આધારે 12 લેન એક્સપ્રેસ વે સુધી લંબાવી શકાય છે.

- આ એક્સપ્રેસ વે વિશ્વનો સૌથી લાંબો હાઈવે હશે અને માર્ચ 2023 સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે.
- તે હરિયાણાના સોહાનાથી શરૂ થઈને મુંબઈ નજીક મીરા ભાયંદર આસપાસ સમાપ્ત થશે.
- આ લેન પર રિસોર્ટ, રેસ્ટોરન્ટ, ફૂડ કોર્ટ, ફ્યુઅલ સ્ટેશન, ટ્રક ડ્રાઈવરો માટે સુવિધા, લોજિસ્ટિક્સ પાર્ક જેવી જાહેર સુવિધાઓ પણ ઉપલબ્ધ હશે.
- અકસ્માત પીડિતો માટે હેલિકોપ્ટર એમ્બ્યુલન્સ સેવા અને હેલીપોર્ટ હશે જે વ્યાવસાયિક હેતુઓ માટે ડ્રોન સેવાઓનો પણ ઉપયોગ કરશે.
- આ એક્સપ્રેસ વે એશિયાનો પ્રથમ અને વિશ્વનો બીજો એવો એક્સપ્રેસ વે છે કે જેમાં વન્યજીવોની અવર–જવર માટે પ્રાણી ઓવરપાસ ધરાવે છે.
- આ ઉપરાંત તેમાં બે આઈકોનિક આઠ–લેન ટનલનો પણ સમાવેશ થશે.
- એક ટનલ મુકુન્દ્રા અભયારણ્ય રાજસ્થાનમાંથી પસાર થશે અને બીજી મહારાષ્ટ્રના માથેરાન ઈકો–સેન્સિટિવ પ્રદેશમાંથી પસાર થશે.
- આ પ્રોજેક્ટ ભારતના આર્થિક હબ જેવા કે જયપુર, અજમેર, કિશનગઢ, ચિત્તોડગઢ, કોટા, ઉદયપુર, ઉજ્જૈન, ભોપાલ, ઈન્દોર, વડોદરા, અમદાવાદ અને સુરત સાથે જોડાણમાં સુધારો કરે તેવી અપેક્ષા છે.
- તેના પરિણામે 320 મિલિયન લીટરથી વધારે વાર્ષિક ઈંધણની બચત થશે અને $CO_2$ ઉત્સર્જનમાં પણ ઘટાડો થશે.
- આ પ્રોજેક્સથી હજારો લોકોને રોજગારી પણ મળી શકે છે.
- સમગ્ર એક્સપ્રેસ વેનું નિર્માણ પર્યાવરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ એક્સપ્રેસ વે પર સંખ્યાબંધ વૃક્ષો પણ રોપવામાં આવશે.

નોંધ : આ પ્રોજેક્ટનો પાયો 8 માર્ચ, 2019ના રોજ શ્રી નીતિન ગડકરી, શ્રીમતી સુષ્મા સ્વરાજ અને શ્રી અરૂણ જેટલી દ્વારા નાખવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાયદા અને ન્યાય મંત્રાલયે 'એક પહેલ અભિયાન' (Ek Pahal Drive) શરૂ કર્યું



કયાદા અને ન્યાય મંત્રાલયે 17 સપ્ટેમ્બર, 2021ના રોજ ડોર ટુ ડોર ન્યાય આપવા માટે 'એક પહેલ' નામનું અભિયાન શરૂ કર્યુ છે.

- ટેલી–લૉ (Tele Law) હેઠળ સામૂહિક નોંધણીને પ્રોત્સાહન આપવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન ન્યાય વિભાગ અને NALSA દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન ભારતમાં નાગરિકો માટે ન્યાયની પહોંચની આકાંક્ષાને સાકાર કરવા માગે છે.
- આ અભિયાન અંતર્ગત ટેલી–લોના માધ્યમથી પેનલ વકીલો દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 633 જિલ્લાઓમાં 50,000 ગ્રામ પંચાયતોના 51,434 સામાન્ય સેવા કેન્દ્રમાં પૂર્વ–મુકદ્દમાં સંબંધી સલાહ આપવામાં આવશે.
- નોંધનીય છે કે ભારતીય બંધારણના અનુચ્છેદ 39(a)માં સમાન ન્યાય અને મફત કાનૂની સહાય આપવાની વ્યવસ્થા અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતીય બંધારણમાં ન્યાયની બાબતમાં તમામને સમાનતા મળેલી છે. સમાજનો કોઈપણ વ્યક્તિ ન્યાયથી વંચિત ન રહે અને સમયસર ન્યાય મળી રહે તે માટે યોગ્ય કાનૂની સલાહ મળે તે માટે રાજ્ય (દેશ) પુરતા પ્રયાસો કરશે.

નોંધ : (1) આ અભિયાન 17 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર સુધી ચાલશે.

(2) NALSAનું પૂરું નામ 'National Legal Services Authority' છે.

## વર્લ્ડ બેંક 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ રિપોર્ટ'નું પ્રકાશન બંધ કરશે.

તાજેતરની 2018 અને 2020ની આવૃત્તિઓમાં 'ડેટા અનિયમિતતા' અને બેંક કર્મચારીઓ સાથે સંકળાયેલી સંભવિત 'નૈતિક બાબતો'ના આંતરિક અહેવાલોની તપાસ કર્યા બાદ વર્લ્ડ બેંકે તાજેતરમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ' બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

- વર્લ્ડ બેંકની આંતરિક તપાસ મુજબ ચીનની રેન્કિંગ વધારવા માટે બેંકના ઉચ્ચ અધિકારીઓ દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું.
- વર્લ્ડ બેંકે એ પણ નોંધ્યું છે કે, તે વિકાસમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકાને આગળ વધારવા અને સરકારોને ટેકો પૂરો પાડવા માટે પ્રબળ પ્રતિબધ્ધ રહેશે.
- વર્લ્ડ હવે બિઝનેસ અને રોકાણના વાતાવરણનું મૂલ્યાંકન કરવા માટે નવા અભિગમ પર કામ કરી રહી છે.
- વર્ષ 2003થી આ રિપોર્ટનો પ્રારંભ થયો હતો.
- Paying Taxes, Credit Availability, Property Registration, Starting a Business વગેરે જેવા 10 માપદંડોને આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવતો હતો.

નોંધ : (1) 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ 2020' (Ease of Doing Business Report, 2020) અનુસાર બિઝનેસની સરળતાથી દષ્ટિએ વિશ્વના 190 દેશોમાં ભારત 63માં ક્રમે હતું.

(2) ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ 2020માં ન્યુઝીલેન્ડ પ્રથમ ક્રમે હતુ જ્યારે સોમાલિયા અંતિમ 190માં ક્રમે હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ 'દિલ્હી–મુંબઈ એક્સપ્રેસ વે' પરના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે આઠ લેન વાળો એક્સપ્રેસ વે છે. જેને ટ્રાફિક દબાણના આધારે 12 લેન એક્સપ્રેસ વે સુધી લંબાવી શકાય છે.
2. તે હરિયાણાના સોહાનાથી શરૂ થઈને મુંબઈ નજીક મીરા ભાયંદર આસપાસ સમાપ્ત થશે.
3. આ એક્સપ્રેસ વે વન્યજીવોની અવર–જવર માટે પ્રાણી ઓવરપાસ પણ ધરાવે છે.
4. આ એક્સપ્રેસ વે માં બે આઈકોનિક આઠ–લેન ટનલનો પણ સમાવેશ થશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) 1, 2, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 **(B)**

---

2. તાજેતરમાં કયા મંત્રાલયે 'એક પહેલ અભિયાન' શરૂ કર્યુ છે ?

(A) કાયદા અને ન્યાય મંત્રાલય (B) માર્ગ પરિવહન મંત્રાલય

(C) વિદેશ (D) નાણા મંત્રાલય **(A)**

---

3. 'એક પહેલ' અભિયાન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ટેલી–લૉ (Tele Law) હેઠળ સામૂહિક નોંધણીને પ્રોત્સાહન આપવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

(B) આ અભિયાન ભારતમાં નાગરિકો માટે ન્યાયની આકાંક્ષાને સાકાર કરવા માગે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

---

4. વર્લ્ડ બેંકે તાજેતરમાં તેના કયા રિપોર્ટનું પ્રકાશન બંધ કરવાનો નિર્ણય કર્યો છે ?

(A) Ease of Doing Business Report (B) Technical Cooperation Report

(C) Global Hunger Index Report (D) World Social Protection Report **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 21 સપ્ટેમ્બર,(1) વિશ્વ શાંતિ દિવસ (World Peace Day)
## (2) વિશ્વ અલ્ઝાઈમર દિવસ (World Alzheimer's Day)

### વિશ્વ શાંતિ દિવસ




સમગ્ર પૃથ્વી પર શાંતિ, સહિષ્ણુતા અને અહિંસાની સ્થાપના માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ શાંતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદેશ સમગ્ર વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ, ફેલાય તે માટે તથા યુધ્ધ અને હિંસા ન થાય તે માટે જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્રની મહાસભા દ્વારા 1981માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- જોકે, શરૂઆતમાં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારે આ દિવસની ઉજવણી કરવામાં આવતી હતી.
- ત્યારબાદ વર્ષ 2001માં સપ્ટેમ્બર મહિનાના ત્રીજા મંગળવારની જગ્યાએ દર વર્ષે 21 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવાનું નક્કી થયું હતું અને વર્ષ 2002થી તેનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2021ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ 'Recovering Better for an Equitable and Sustainable World' છે.

નોંધ : 'World Peace Day'ને 'International Day of Peace' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## WIPO દ્વારા પ્રસિધ્ધ થયેલા Global Innovation Index- 2021માં ભારત 46મા ક્રમે

ટૂંકમાં WIPO તરીકે 'World Intellectual Property Organization' દ્વારા તાજેતરમાં 'Global-Innovation Index (GII)- 2021'નામથી એક રિપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ઈનોવેશનને આધારે વિશ્વના 132 દેશોને રેન્ક આપવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના 132 દેશોમાં ભારત 46મા ક્રમે છે.
- આ અગાઉ 2020માં પ્રસિધ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 48મા ક્રમે હતું.
- આમ, વર્ષ 2020ની તુલનાએ વર્ષ 2021માં આ ઈન્ડેક્સમાં ભારતના રેન્કમાં 2 ક્રમનો સુધારો થયો છે.
- વર્ષ 2021માં પ્રસિધ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે. જે છેલ્લા કેટલાક વર્ષોથી આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.



## Global Innovation Index 2021 Rank

| Rank | Country | Rank | Country |
|---|---|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ | 46 | ભારત |
| 2 | સ્વીડન | 95 | શ્રીલંકા |
| 3 | અમેરિકા | 99 | પાકિસ્તાન |
| 4 | યુનાઈટેડ કિંગ્ડમ | 111 | નેપાળ |
| 5 | રિપબ્લિક ઓફ કોરિયા | 127 | મ્યાનમાર |
| 12 | ચીન | 131 | યમન |
| 13 | જાપાન | 132 | અંગોલા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2021 વિશે

ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (GII) 'વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન' (WIPO) દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. જે સંયુક્ત રાષ્ટ્રની એક વિશેષ એજન્સી છે.

- GIIનો ઉદ્દેશ વિશ્વની 132 અર્થવ્યવસ્થાના સંદર્ભમાં નવીનીકરણ રેન્કિંગ અને સમૃધ્ધિ વિશ્લેષણના બહુ–પરિમાણીય પાસાઓ પરની પકડ મજબૂત કરવાનો છે.
- આ રિપોર્ટ પોર્ટુલન્સ સંસ્થા અને અન્ય કોર્પોરેટ ભાગીદારો સાથે ભાગીદારીમાં પ્રકાશિત થાય છે, જેમાં બ્રાઝિલયન નેશનલ કન્ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રી (CNI), કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII), ઈકોપેટ્રોલ (કોલંબિયા) અને તુર્કિશ એક્પોર્ટર એસેમ્બલી (TIM)નો સમાવેશ થાય છે.
- વર્ષ 2021માં પ્રસિધ્ધ થયેલું આ 14મું GII Ranking હતું.
- આ ઈન્ડેક્સ વિશ્વની અર્થવ્યવસ્થાઓને તેમની નવીનતાની ક્ષમતા અનુસાર ક્રમ આપે છે.
- જેમાં લગભગ 80 સૂચકાંકોનો સમાવેશ થાય છે અને તેમને ઈનોવેશન ઈનપુટ (Innovation Input)અને આઉટપુટ (Output)માં જૂથબધ્ધ કરવામાં આવે છે.

(1) **ઈનોવેશન ઈનપુટ :** સંસ્થાઓ, માનવ મૂડી અને સંશોધન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બજારની કૃતિમતા (Market Sophistication), વ્યસાયિક કુશળતા.

(2) **ઈનોવેશન આઉટપુટ :** જ્ઞાન અને ટેક્નોલોજી સર્જનાત્મકતા.

# વૈશ્વિક પ્રદર્શન




Top three innovation economies by income group

| High-income | Upper middle-income | Lower middle-income | Low-income |
|---|---|---|---|
| 1. Switzerland | 1. China | 1. Viet Nam | 1. Rwanda ↑ |
| 2. Sweden | 2. Bulgaria ↑ | 2. India ↑ | 2. Tajikistan ☆ |
| 3. United States of America | 3. Malaysia ↓ | 3. Ukraine ↓ | 3. Malawi ☆ |

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્વિત્ઝર્લેન્ડ, સ્વીડન, અમેરિકા અને યુનાઈટેડ કિંગ્ડમ આ રેન્કિંગમાં ટોચ– 5ના દેશો છે. આ દેશો છેલ્લા ત્રણ વર્ષથી ટોપ 5મા છે.

- જ્યારે રિપબ્લિક ઓફ કોરિયાએ વર્ષ 2021માં પ્રથમ વખત GIIના ટોચના 5 દેશોની યાદીમાં સ્થાન મેળવ્યું છે.
- સિંગાપોર (8મા ક્રમે), ચીન (12મા ક્રમે), જાપાન (13મા ક્રમે) અને હોંગકોંગ (14મા ક્રમે) ટોપ 15માં સમાવિષ્ટ ચાર એશિયન અર્થતંત્રો છે.

## ભારતનું પ્રદર્શન

ભારત છેલ્લા ઘણા વર્ષોથી GIIમાં સતત વૃદ્ધિ કરી રહ્યું છે.

- વર્ષ 2015માં 81મા સ્થાનેથી વધીને 2021માં 46માં સ્થાને પહોંચી ગયું છે.
- ભારતે 2021માં ઈનોવેશન ઈનપુટ કરતા ઈનોવેશન આઉટપુટમાં સારૂ પ્રદર્શન કર્યુ છે.
- 34 નિમ્ન મધ્યમ આવક ધરાવતા જૂથ અર્થતંત્રમાં ભારત બીજા ક્રમે છે.
- ભારત મધ્ય અને દક્ષિણ એશિયાની 10 અર્થવ્યવસ્થાઓમાં પ્રથમ ક્રમે છે.
- સરકારે દેશની સારી કામગીરી માટે અણુ ઉર્જા, વિજ્ઞાન અને ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી અને અવકાશના વિભાગોને મહત્વના ગણ્યા છે.

નોંધ : (1) WIPOની સ્થાપના વર્ષ 1967માં થઈ હતી. અને વર્ષ 1970માં તે અમલમાં આવ્યું હતું.

(2) તે સંયુક્ત રાષ્ટ્રની સૌથી જૂની એજન્સીઓમાંની એક છે.

(3) આ સંસ્થા 26 આંતરરાષ્ટ્રીય સંધિઓનું સંચાલન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FSSAI 'State Food Safety Index, 2020-21'માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત પ્રથમ




તાજેતરમાં કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ ત્રીજો 'State Food Safety Index 2020-21' બહાર પાડ્યો છે.

- આ ઈન્ડેક્સ FSSAI એટલે કે 'Food Safety and Standards Authority of India' દ્વારા મહત્વના 5 માપદંડો પર વિકસાવવામાં આવ્યો છે.
- આ સિવાય દેશભરમાં ખાદ્ય સુરક્ષા પર્યાવરણને મજબૂત કરવા માટે 19 મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન (Food Safety on Wheels) પણ મોકલવામાં આવી છે.
- આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના 5 માપદંડોને આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જુદી જુદી 3 કેટેગરીમાં રેન્ક આપવામાં આવ્યો છે.
- જેમાં ભારતના મોટા રાજ્યોમાં કુલ 100 માંથી 72ના સ્કોર સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે.
- ગુજરાત બાદ કેરળ બીજા અને તમિલનાડુ ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના મોટા રાજ્યોમાં બિહાર અંતિમ 20મા ક્રમે છે.

## State Food Safety Index, 2020-21માં ભારતના 20 મોટા રાજ્યોનો Rank

| Rank | State |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | કેરળ |
| 3 | તમિલનાડુ |
| 4 | ઓડિશા |

| Rank | Country |
|---|---|
| 5 | ઉત્તરપ્રદેશ |
| 18 | રાજસ્થાન |
| 19 | આંધ્રપ્રદેશ |
| 20 | બિહાર |

નોંધ : (1) કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ નવી દિલ્હીમાં આયોજિત સમારોહમાં ગુજરાતને ફૂડ સેફ્ટી એવોર્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

(2) વર્ષ 2019-20ના ઈન્ડેક્સમાં પણ ગુજરાતે પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ગુજરાતે આ પ્રથમ ક્રમ સતત બીજા વર્ષે જાળવી રાખ્યો છે.

## ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ ક્રમે છે.

- ગોવા બાદ મેઘાલય બીજા અને મણિપુર ત્રીજા ક્રમે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## State Food Safety Index, 2020-21માં ભારતના 8 નાના રાજ્યોનો Rank

| Rank | State |
|---|---|
| 1 | ગોવા |
| 2 | મેઘાલય |
| 3 | મણિપુર |
| 4 | સિક્કિમ |
| 8 | મિઝોરમ |

## ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જમ્મુ અને કાશ્મીર પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશમાં જમ્મુ અને કાશ્મીર પ્રથમ ક્રમે છે.

- જમ્મુ કાશ્મીર બાદ આંદામાન અને નિકોબાર ટાપુઓ બીજા અને દિલ્હી ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં લક્ષદ્વીપ અંતિમ 8મા ક્રમે છે.

## State Food Safety Index, 2020-21માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોના Rank

| Rank | Union Territories |
|---|---|
| 1 | જમ્મુ અને કાશ્મીર |
| 2 | આંદમાન અને નિકોબાર ટાપુઓ |
| 3 | દિલ્હી |
| 4 | ચંદિગઢ |
| 8 | લક્ષદ્વીપ |

### ઈન્ડેક્સના માપદંડ

આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના નીચેના 5 માપદંડોમાં પ્રદર્શનને આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવે છે.

| ક્રમ | માપદંડ | વેઈટેજ |
|---|---|---|
| 1 | માનવ સંસાધન અને સંસ્થાકીય ડેટા | 20% |
| 2 | અનુપાલન | 30% |
| 3 | ફૂડ ટેસ્ટિંગ સુવિધા | 20% |
| 4 | તાલીમ અને ક્ષમતા નિર્માણ | 10% |
| 5 | ગ્રાહક સશક્તિકરણ | 20% |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) ભારતમાં 7 જૂન, 2019ને પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' (World Food Safety Day)ના રોજ આ ઈન્ડેક્સનો પ્રારંભ થયો હતો.

(2) 'Food Safety' શબ્દ માટે ગુજરાતીમાં 'અન્ન સુરક્ષા' ઉપરાંત 'ખાદ્ય સુરક્ષા' અને 'ખોરાક સુરક્ષા' જેવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.

## પંજાબના નવા મુખ્યમંત્રી : શ્રી ચરણજીત સિંહ ચન્ની



પંજાબના 16મા મુખ્યમંત્રી તરીકે શ્રી ચરણજીતસિંહ ચન્નીની નિમણૂક કરવામાં આવી છે.

- પંજાબના રાજ્યપાલ શ્રી બનવારી લાલ પુરોહિતે પંજાબના મુખ્યમંત્રી તરીકે શ્રી ચરણજીતસિંહ ચન્નીને ચંદીગઢ રાજભવનમાં મુખ્યમંત્રી તરીકેના હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.
- આ ઉપરાંત પંજાબમાં પ્રથમ વખત બે નાયબ મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવી છે.
- આ અંતર્ગત શ્રી સુખજિન્દરસિંહ રંધવા અને શ્રી ઓમપ્રકાશ સોનીએ પણ નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.
- નોંધનીય છે કે કેપ્ટન અમરિંદરસિંહે 18 સપ્ટેમ્બર, 2021ના રોજ પંજાબના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું.
- શ્રી ચરણસિંહ ચન્ની પંજાબમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા છે.
- આ અગાઉ વર્ષ 2017માં તેઓ ટેકનિકલ શિક્ષણ અને ઔદ્યોગિક તાલિમ વિભાગના મંત્રી બન્યા હતા.

## TUESDAY Questions

1. 'વિશ્વ શાંતિ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(D)**

2. વર્ષ 2021ની 'વિશ્વ શાંતિ દિવસ'ની થીમ શું હતી ?

(A) Stand up of International Peace

(B) Shaping Peace Together

(C) Recovering Better for an Equitable and Sustainable World

(D) Right to Peace of People **(C)**

3. 'વિશ્વ અલ્ઝારઈમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 સપ્ટેમ્બર (B) 19 સપ્ટેમ્બર (C) 20 સપ્ટેમ્બર (D) 21 સપ્ટેમ્બર **(D)**

4. તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2021'માં કુલ 132 દેશોમાં ભારત કયા ક્રમે છે ?

(A) 42 (B) 46 (C) 52 (D) 55 **(B)**

5. વર્ષ 2020માં પ્રસિધ્ધ થયેલા 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2020'માં ભારત કયા ક્રમે હતું ?

(A) 42 (B) 48 (C) 52 (D) 58 **(B)**

6. 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2021'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) સ્વિટ્ઝર્લેન્ડ (B) જાપાન (C) અમેરિકા (D) ચીન **(A)**

7. 'ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ 2021'માં અંતિમ 132મા ક્રમે કયો દેશ છે ?

(A) અંગોલા (B) યમન (C) મ્યાનમાર (D) નેપાળ **(A)**

8. FSSAI દ્વારા પ્રસિધ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ, 2020-21'માં ભારતના મોટા રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?

(A) ગુજરાત (B) ઉત્તરપ્રદેશ (C) તમિલનાડુ (D) કેરળ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. FSSAI દ્વારા પ્રસિધ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ, 2020-21'માં ભારતના મોટા રાજ્યોમાં અંતિમ ક્રમે કયું રાજ્ય છે ?

(A) છત્તીસગઢ (B) બિહાર (C) ઝારખંડ (D) ઉત્તરપ્રદેશ **(B)**

10. FSSAI દ્વારા પ્રસિધ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ, 2020-21'માં ભારતના નાના રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?

(A) મણિપુર (B) સિક્કિમ (C) ગોવા (D) મેઘાલય **(C)**

11. FSSAI દ્વારા પ્રસિધ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ, 2020-21'માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો પ્રદેશ છે ?

(A) જમ્મુ અને કાશ્મીર (B) દિલ્હી (C) ચંદીગઢ (D) લક્ષદ્વીપ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. FSSAI દ્વારા પ્રસિધ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ, 2020-21'માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં અંતિમ ક્રમે કયો પ્રદેશ છે ?

(A) ચંદિગઢ (B) લક્ષદ્વીપ (C) દિલ્હી (D) લદ્દાખ **(B)**

13. તાજેતરમાં પંજાબના નવા મુખ્યમંત્રી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી ચરણજીતસિંહ ચન્ની (B) શ્રી પ્રકાશસિંહ બાદલ
(C) શ્રી સુરજીતસિંહ બરનાલા (D) શ્રી હરચરણસિંહ બ્રાર **(A)**

14. શ્રી ચરણજીતસિંહ ચન્નીએ પંજાબના કેટલામાં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે ?

(A) 15મા (B) 16મા (C) 17મા (D) 18મા **(B)**

## દિવસ મહિમા : 22 સપ્ટેમ્બર,(1) વિશ્વ કાર મુક્ત દિવસ (World Car Free Day)
## (2) વિશ્વ ગુલાબ દિવસ (World Rose Day)
## (3) વિશ્વ ગેંડા દિવસ (World Rhino Day)

### વિશ્વ ગુલાબ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગુલાબ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ ગુલાબ દિવસનો મુખ્ય ઉદ્દેશ કેન્સર વિશે જાગૃતિ ફેલાવવાનો છે અને કેન્સર સામે લડતા લોકોમાં આશા અને ઉત્સાહ ફેલાવવાનો છે.
- વિશ્વ ગુલાબ દિવસ 12 વર્ષની દીકરી સુશ્રી મેલિન્ડા રોઝની યાદમાં ઉજવવામાં આવે છે.
- આ કેનેડિયન દીકરીને એક દુર્લભ બ્લડ કેન્સર એસ્કીન્સ ટ્યૂમર હતું. સારવાર દરમિયાન ડોક્ટરોએ જણાવ્યું હતું કે તેઓ અઠવાડિયાથી વધુ જીવશે નહીં, પરંતુ તેઓ અઠવાડિયાના બદલે છ મહિના સુધી જીવ્યા હતા.
- તેમણે દરેક દિવસને અર્થપૂર્ણ બનાવ્યો હતો અને અન્ય કેન્સર દર્દીઓને પત્રો, કવિતાઓ અને ઈ–મેઈલ મોકલીને તેમને ખુશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.
- વિશ્વ ગુલાબ દિવસ કેન્સરના દર્દીઓને એ સંદેશો આપે છે કે, તેઓ મજબૂત ઈચ્છાશક્તિ અને ભાવનાથી રોગ સામે લડી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિશ્વ ગેંડા દિવસ

ગેંડાની તમામ પાંચ પ્રજાતિઓ વિશે જાગૃતિ ફેલાવવા અને તેમને બચાવવા માટે કરવામાં આવી રહેલા કાર્ય તરફ ધ્યાન દોરવા માટે 22 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ગેંડા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ગેંડાની પાંચ પ્રજાતિઓ નીચે મુજબ છે :

(1) સફેદ ગેંડો (White Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)

(2) કાળો ગેંડો (Black Rhino) (આફ્રિકામાં જોવા મળે છે)

(3) એક શિંગડાવાળો ગેંડો (Greater one- Horned)

(4) જાવા/જવન ગેંડો (Javan Rhino)

(5) સુમાત્રન ગેંડો (Sumatran Rhino)

- વિશ્વ ગેંડા દિવસ 2021ની થીમ 'Keep the Five Alive' હતી.

# GST કાઉન્સિલની 45મી બેઠક

17 સપ્ટેમ્બર, 2021ના રોજ લખનઉમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં GST કાઉન્સિલની 45મી બેઠક મળી હતી.

## મહત્વના નિર્ણયો

### રાહત GST દરોનું વિસ્તરણ

– કોવિડ–19ની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવાઓ પર GSTના રાહત દરો 31 ડિસેમ્બર સુધી વધારી દેવામાં આવ્યા છે.

### ફૂડ ડિલિવરી એપ્લિકેશન્સ

– હવે રેસ્ટોરન્ટ ભાગીદારોને બદલે Swiggy અને Zomato જેવી ઓનલાઈન ફૂડ ડિલિવરી એગ્રીગેટર કંપનીઓ GST ચૂકવવા માટે જવાબદાર રહેશે.

– ફૂડ ડિલિવરી એપ્સ પર 5% GST લાગશે.

### પેટ્રોલ અને ડીઝલ GSTના દાયરામાં નહીં આવે

– કાઉન્સિલે પેટ્રોલ અને ડીઝલને GSTના દાયરામાં ન લવાવાનો નિર્ણય કર્યો છે.

– આ બેઠકમાં પેટ્રોલ અને ડીઝલ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. કારણકે કેરળ હાઈકોર્ટે તેના પર સવાલ ઉઠાવ્યા હતા.

– આ નિર્ણય ડીઝલ અને પેટ્રોલની કિંમતોને નોંધપાત્ર રીતે નીચે લાવવામાં મદદ કરશે, જેની કિંમતો તાજેતરના સમયમાં વધી છે.

### ફોર્ટિફાઈડ ચોખા પર GSTમા ઘટાડો

– સંકલિત બાળ વિકાસ યોજના (ICDC) જેવી યોજનાઓ માટે ફોર્ટિફાઈડ ચોખા પર GST દર 18% થી ઘટાડીને 5% કરવાની ભલામણ કરવામાં આવી છે.

### મહત્વના અન્ય નિર્ણયો

– કેન્સરની સારવારમાં વપરાતી દવાઓ પર GST 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે.

– ડીઝલ સાથે બાયોડિઝલના મિશ્રણ પર GST દર 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે.

– આયર્ન, કોપર, ઝીંક, એલ્યુમિનિયમ પર GST પર દર 5% થી વધીને 18% થયો છે.

– રૂ. 1000 થી ઓછી કિંમતના ફૂટવેર અને તૈયાર વસ્ત્રો તથા કાપડ પર GST 5% થી વધીને 12% થયો છે. તે 1 જાન્યુઆરીથી અમલમાં આવશે.

– ઈંટ ભઠ્ઠાઓ ચલાવનાર માટે GST સ્પેશિયલ કોમ્પોઝિશન યોજના દાખલ કરવામાં આવશે. તેના માટે થ્રેસ હોલ્ડ લિમિટ 20 લાખની રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. 1 એપ્રિલ 2022થી આ યોજના લાગુ થશે.

– આ અંતર્ગત ઈંટ પર 6%ના દરે GST લેવામાં આવશે. તેના પર કોઈ જ ઈનપુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવશે નહીં. જેમને ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેવાની હશે તેમણે 12%ના દરે ઈંટ પર GST ચૂકવવો પડશે.

## મંત્રીઓના બે જૂથની રચના (GOM)

GSTની આવકમાં વધારો કરવા માટે કાઉન્સિલે મંત્રીઓના બે જૂથો (Two Group of Ministers- GOM) બનાવવાનો નિર્ણય કર્યો છે. તેઓએ બે મહિનાની અંદર પગલાંની ભલામણ કરવાની છે.

- પ્રથમ જૂથને દરના માળખામાં વિસંગતતાઓને સુધારવા માટે કર દરના તર્ક સંગતતાના મુદ્દાઓની સમીક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.
- જ્યારે બીજું જૂથ અનુપાલન અને દેખરેખ સુધારવા માટે ટેક્નોલોજીને ટેપ કરવા તરફ ધ્યાન આપશે. તે ઈ–વે બિલ, Fastags, અનુપાલન અને કમ્પોઝિશન સ્કીમ્સ પર નજર રાખશે.

## GST કાઉન્સિલ શું છે ?

તે GST સંબંધિત મુદ્દાઓ પર કેન્દ્ર અને રાજ્ય સરકારોને ભલામણ કરવા માટે અનુચ્છેદ– 279 (A) હેઠળની એક બંધારણીય સંસ્થા છે.

- GSTના દરો અંગેના રુલ્સ એન્ડ રેગ્યુલેશન્સનું સંચાલન આ GST કાઉન્સિલ દ્વારા જ થાય છે.
- કેન્દ્ર સરકારના નાણામંત્રી આ GST કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.
- ભારતના દરેક રાજ્યના નાણામંત્રી તેના સભ્ય હોય છે.
- તેને એક સંઘિય સંસ્થા તરીકે પણ ગણવામાં આવે છે જ્યાં કેન્દ્ર અને રાજ્યો બંનેને યોગ્ય પ્રતિનિધિત્વ મળે છે.

# ભારતીય વાયુસેનાના નવા વડા તરીકે શ્રી વિવેક રામ ચૌધરીની નિમણૂક

ભારતીય વાયુ સેનાના નાયબ વડા (Vice Chief Air Staff) એર માર્શલ શ્રી વિવેક રામ ચૌધરીની ભારતીય વાયુ સેનાના નવા વડા (Chief of Air Staff) તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ 30 સપ્ટેમ્બર, 2021ના રોજ નિવૃત્ત થઈ રહેલા એર ચીફ માર્શલ શ્રી રાકેશ કુમાર સિંહ ભદોરિયાનું સ્થાન લેશે.

## શ્રી વિવેક રામ ચૌધરી



શ્રી વિવેક રામ ચૌધરી ટૂંકમાં શ્રી વી.આર. ચૌધરી તરીકે ઓળખાય છે.

- તેમને 29 ડિસેમ્બર, 1982ના રોજ ભારતીય વાયુસેનામાં ફાઈટર પાયલટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તેમને મિગ– 21, મિગ– 23 MF, સુખોઈ સુ–30 MKI સહિત વિવિધ ફાઈટર એરક્રાફ્ટ પર 3800 કલાકનો ઉડાનનો અનુભવ છે.
- તેમણે એરફોર્સ એકેડેમીના ડેપ્યુટી કમાન્ડન્ટ સહિત અન્ય પદો જેમ કે એર સ્ટાફ ઓપરેશનના આસિસ્ટન્ટ ચીફ (એર ડિફેન્સ) અને આસિસ્ટન્ટ ચીફ ઓફ એર સ્ટાફ (પર્સનલ ઓફિસર) જેવા અન્ય વિવિધ હોદ્દાઓમાં પણ સેવા આપી છે.
- તેમને પરમ વિશિષ્ટ સેવા મેડલ, અતિ વિશિષ્ટ સેવા મેડલ અને વાયુસેના મેડલ જેવા પુરસ્કારો એનાયત થયા છે.
- તેઓ 30 સપ્ટેમ્બર, 2021થી ભારતીય વાયુસેનાના 27માં વડા તરીકે કાર્યભાર સંભાળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ કાર મુક્ત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (B)

2. 'વિશ્વ ગુલાબ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (B)

3. 'વિશ્વ ગુલાબ દિવસ'નો ઉદ્દેશ કયા રોગ વિશે જાગૃતિ ફેલાવવા અને તે રોગ સામે લડતા લોકોમાં આશા અને ઉત્સાહ ફેલાવવાનો છે ?

(A) કેન્સર (B) હાથીપગો (C) ફાઈલેરિયા (D) મેલેરિયા (A)

4. 'વિશ્વ ગેંડા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (B)

5. 17 સપ્ટેમ્બર, 2021ના રોજ GST કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઈ હતી ?

(A) 42મી (B) 43મી (C) 44મી (D) 45મી (D)

6. તાજેતરમાં GST કાઉન્સિલની 45મી બેઠક યોજાઈ હતી આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. કોવિડ– 19ની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવાઓ પર GSTના રાહત દરો 31 ડિસેમ્બર સુધી વધારી દેવામાં આવ્યા છે.
2. ફૂડ ડિલિવરી એપ્સ પર 5% GST લાગશે.
3. પેટ્રોલ અને ડીઝલમાં GST દર 12% થી વધારી 31% કરવામાં આવ્યો છે.
4. કેન્સરની સારવારમાં વપરાતી દવાઓ પર GST 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

7. ભારતીય વાયુસેનાના નવા વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી બિરેન્દરસિંહ ધનોઆ (B) શ્રી કરમબિર સિંઘ

(C) શ્રી વિવેક રામ ચૌધરી (D) શ્રી બિપિન રાવત (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 સપ્ટેમ્બર,આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ (International Day of Sign Languges)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બધિર લોકો માટે સાંકેતિક ભાષાના મહત્ત્વ અંગે જાગૃતિ કેળવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 19 ડિસેમ્બર, 2017ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- બધિર લોકો માટેના 'World Fedaration of the Deaf' (WED)ની સ્થાપના 23 સપ્ટેમ્બર, 1951ના રોજ થઈ હતી.
- આથી આ દિવસની યાદમાં 23 સપ્ટેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ના 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ'ની થીમ 'We Sign for Human Right' છે.

## સુશ્રી મિતાલી રાજના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 20,000 રન

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન સુશ્રી મિતાલી રાજે તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામેની વન ડે મેચ દરમિયાન પોતાની કારકિર્દીમાં વધુ એક સિધ્ધી હાંસલ કરી છે.

- તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેના 20,000 રન પુરા કર્યા છે.
- આ ઉપરાંત ICC વિમેન્સ વન ડે રેન્કિંગ બેટ્સવુમનની યાદીમાં પોતાનું ટોચનું સ્થાન પણ જાળવી રાખ્યું છે.
- સુશ્રી મિતાલી રાજનો જન્મ 3 ડિસેમ્બર, 1982ના રોજ રાજસ્થાનના જોધપુર ખાતે થયો હતો.
- વર્ષ 1999માં માત્ર 16 વર્ષની ઉંમરે તેમણે આંતરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.
- નોંધનીય છે કે સુશ્રી મિતાલી રાજ ટેસ્ટ અને વન ડે ક્રિકેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન છે.

નોંધ : સુશ્રી મિતાલી રાજે T-20 ક્રિકેટ, વન ડે ક્રિકેટ, ટેસ્ટ ક્રિકેટ, ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ તથા ક્રિકેટના તમામ ફોર્મેટમાં આ 20,000 રન પુરા કર્યા છે.



## ભારતના વધુ બે દરિયા કિનારાને 'Blue Flag Certification' મળ્યું

પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરતી વિશ્વની પ્રસિધ્ધ સંસ્થા 'Foundation for Environmental Education' (FEE) દ્વારા ભારતના વધુ બે દરિયાકિનારા (બીચ)ને 'Blue Flag Beach'નું સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.

- આ બે બીચમાં તમિલનાડુના 'કોવલમ' અને પુડુચેરીના 'એડન' (અથવા ઈડન)નો સમાવેશ થયો છે.
- આ સાથે ભારતમાં 'બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ' પ્રાપ્ત કરનાર દરિયાકિનારા (અથવા બીચ)ની સંખ્યા 10 થઈ ગઈ છે.

## ભારતના 'બ્લુ ફ્લેગ' બીચ

| ક્રમ | બીચ | રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | શિવરાજપુર | ગુજરાત |
| 2 | ઘોઘલા | દીવ |
| 3 | રાધાનગર | આંદામાન નિકોબાર ટાપુ |
| 4 | કપ્પડ | કેરળ |
| 5 | કાસાકરોડ | કર્ણાટક |
| 6 | પાડુબિદરી | કર્ણાટક |
| 7 | ઋષિકોન્ડા | આંધ્રપ્રદેશ |
| 8 | ગોલ્ડન | ઓડિશા |
| 9 | કોવલમ | તમિલનાડુ |
| 10 | એડન (અથવા ઈડન) | પુડુચેરી |

નોંધ : (1) FEE દ્વારા પર્યાવરણની જાળવણી, બીચની સ્વચ્છતા, પ્રવાસીઓ માટે સુવિધા, પ્રવાસીઓની સલામતી, સમુદ્રી પ્રદૂષણ વગેરે જેવા 33 જેટલા માપદંડોને આધારે આ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

(2) આથી, આવુ સર્ટિફિકેટ ધરાવતા બીચ વિદેશી પ્રવાસીઓને સરળતાથી આકર્ષી શકે છે.



1. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 23 સપ્ટેમ્બર (D) 24 સપ્ટેમ્બર (C)

2. 'આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બધિર લોકો માટે સાંકેતિક ભાષાના મહત્વ અંગે જાગૃતિ કેળવવાનો છે.

(B) 23 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(C) આ દિવસની વર્ષ 2021ની થીમ 'We Sign for Human Rights' છે.

(D) ઉપરોક્ત તમામ (D)

3. આંતરરાષ્ટ્રીય વિમેન્સ ક્રિકેટના તમામ ફોર્મેટમાં 20,000 રન પુરા કરનાર ભારતીય મહિલા ખેલાડીનું નામ જણાવો ?

(A) સુશ્રી મિતાલી રાજ (B) સુશ્રી હરમનપ્રીત કૌર

(C) સુશ્રી સ્મૃતિ મંધાના (D) સુશ્રી દીપ્તિ શર્મા (A)

4. તાજેતરમાં ફાઉન્ડેશન ફોર એનવાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) દ્વારા 'કેવલમ' બીચ ને 'બ્લુ ફલેગ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) કર્ણાટક (B) તમિલનાડુ (C) ગુજરાત (D) ગોવા (B)

5. તાજેતરમાં ફાઉન્ડેશન ફોર એનવાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) દ્વારા 'ઈડન' બીચને 'બ્લુ ફલેગ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થિત છે ?

(A) પ.બંગાળ (B) તમિલનાડુ (C) પુડુચેરી (D) લક્ષદ્વીપ (C)

6. સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ભારતના કુલ કેટલા દરિયા કિનારાને 'Blue Flag Certification' મળેલું છે ?

(A) 5 (B) 10 (C) 15 (D) 22 (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સૂર્ય કિરણ XV



તાજેતરમાં ભારત અને નેપાળની સેનાઓ વચ્ચે ઉત્તરાખંડ રાજ્યના પિથોરાગઢમાં સંયુક્ત સૈન્ય કવાયત 'સૂર્ય કિરણ'ની 15મી આવૃત્તિ શરૂ થઈ છે.

- તે દ્વિવાર્ષિક / વાર્ષિક કવાયત છે જે બંને દેશોમાં એકાંતરે હાથ ધરવામાં આવે છે.
- સૂર્ય કિરણ લશ્કરી કવાયતના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે :
  (a) બંને દેશોના સૈનિકો દ્વારા દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં લશ્કરી સંબંધોની સ્થાપના કરવી.
  (b) આપત્તિ વ્યસ્થાપન હેઠળ માનવતાવાદી સહાય પુરી પાડવી.
  (c) આંતકવાદ વિરોધી કામગીરી માટે તાલીમ આપવી.
  (d) બંને દેશો વચ્ચે આંતર–કાર્યક્ષમતા અને કુશળતા સ્થાપિત કરવી.
- આ કવાયતની 14મી આવૃત્તિ વર્ષ 2019માં નેપાળના સાલઝંડીમાં યોજાઈ હતી.
- આ કવાયત બે સેનાઓ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં સુધારો કરશે અને બંને દેશો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોને મજબૂત કરવા માટે એક મોટું પગલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પેટન્ટ (સુધારો) નિયમો, 2021




તાજેતરમાં કેન્દ્ર સરકારે 'પેટન્ટ (સુધારો) નિયમો, 2021' રજૂ કર્યા છે.

- જે અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓ માટે પેટન્ટ ફી ઘટાડવામાં આવી છે.
- સરકારે શૈક્ષણિક સંસ્થાઓ પર લાદવામાં આવેલી પેટન્ટ ફાઈલિંગ અને પ્રોસેસિંગ ફીમાં 80% સુધીનો ઘટાડો કર્યો છે.
- તેનો ઉદ્દેશ નવીનતા અને ટેક્નોલોજીના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

### પેટન્ટ શું છે ?

પેટન્ટ બૌધિક સંપતિના રક્ષણનું એક સ્વરૂપ છે. તે કોઈ શોધને આપવામાં આવેલ એક વિશિષ્ટ અધિકાર છે, જે એક ઉત્પાદન અથવા પ્રક્રિયા સમાન છે. જે સામાન્ય રીતે કંઈક કરવાની નવી રીત અથવા સમસ્યાનો નવો તકનીકી ઉકેલ પૂરો પાડે છે.

- પેટન્ટ મેળવવા માટે શોધ વિશેની તકનીકી માહિતી પેટન્ટ એપ્લિકેશનમાં જાહેર થવી જોઈએ.

### શોધ માટે પેટન્ટ લાયકાત માપદંડ

- શોધ માટે પેટન્ટ લાયકાત માપદંડ નીચે મુજબ દર્શાવ્યા છે :
  (a) તે નવું અથવા અલગ હોવું જોઈએ.
  (b) તે એક સંશોધનત્મક પગલું હોવું જોઈએ (તકનીકી પ્રગતી)
  (c) ઔધોગિક ઉપયોગ માટે સક્ષમ હોવું જોઈએ.

## પેટન્ટ અવધી

ભારતમાં દરેક પેટન્ટની મુદ્દત પેટન્ટ અરજી દાખલ કરવાની તારીખથી 20 વર્ષ સુધી છે.

## પેટન્ટની ફી કેમ ઘટાડવામાં આવી છે.

વિવિધ સંશોધન પ્રવૃત્તિઓમાં સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓ, જ્યાં પ્રોફેસરો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઘણી નવી ટેક્નોલોજી વિકસાવે છે જેને તેમના વ્યાપારીકરણની સુવિધા માટે પેટન્ટ કરવાની જરૂર રહે છે.

- પેટન્ટ અરજી કરતી વખતે સંશોધકોએ તે સંસ્થાઓના નામે આ પેટન્ટ લાગુ કરવા પડે છે. જે મોટા અરજદારો માટે ફી ચૂકવે છે તે ખૂબ ઊંચી હોય છે. આથી આ પ્રક્રિયા નિરાશ થવાનું કામ કરે છે.
- આ સંદર્ભે દેશની નવીનીકરણમાં મહત્વની ભૂમિકા ભજવતી શૈક્ષણિક સંસ્થાઓની વધુ ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે પેટન્ટ નિયમો 2003 હેઠળ વિવિધ કાયદાના સંદર્ભમાં તેમના દ્વારા ચુકવવામાં આવતી સત્તાવાર ફીને 'પેટન્ટ (સુધારા) નિયમો, 2021' હેઠળ ઘટાડવામાં આવી છે.
- પેટન્ટ ફાઈલિંગ અને પ્રોસિક્યુશન માટે 80% ઓછી ફી સાથે સંબંધિત લાભો પણ તમામ શૈક્ષણિક સંસ્થાઓ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વના સૌથી ઊંચા ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન હિમાચલ પ્રદેશના કાઝા ખાતે કરવામાં આવ્યું



ઈલેક્ટ્રિક વાહનો માટે વિશ્વના સૌથી ઊંચા ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન હિમાચલ પ્રદેશના કાઝા ખાતે કરવામાં આવ્યું છે.

- તેનું ઉદ્‌ઘાટન એસડીએમ શ્રી મહેન્દ્ર પ્રતાપસિંહે કર્યુ હતું.
- આ ચાર્જિંગ સ્ટેશનની સ્થાપના goEgo કંપની દ્વારા કરવામાં આવી હતી.
- આ ચાર્જિંગ સ્ટેશન પર્યાવરણને બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તથા ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરતા મુસાફરો કાઝા ખાતે ચાર્જિંગ સ્ટેશન સુવિધાઓનો લાભ મેળવી શકશે.
- નોંધનીય છે કે કાઝા હિમાચલ પ્રદેશના લાહૌલ–સ્પીતી જિલ્લામાં આવેલું એક શહેર છે.
- તે સમુદ્ર સપાટીથી 3650 મીટરની ઊંચાઈએ સ્પીતી નદીના કિનારે આવેલું છે.

## લેહ હિમાલયન ફિલ્મ ફેસ્ટિવલની પ્રથમ આવૃત્તિનું આયોજન કરશે.

લેહ 24 સપ્ટેમ્બર, 2021થી શરૂ થતા હિમાલયન ફિલ્મ ફેસ્ટિવલની પ્રથમ આવૃત્તિનું આયોજન કરશે.

- માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુર આ ફિલ્મ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કરશે.
- હિમાલયન ફિલ્મ ફેસ્ટિવલ (Himalayan Film Festival) 24 થી 28 સપ્ટેમ્બર સુધી પાંચ દિવસ ચાલશે.




- ભારતની આઝાદીના 75 વર્ષ નિમિત્તે 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે લદ્દાખ ફિલ્મ મહોત્સવનું આયોજન કરી રહ્યું છે.
- આ પાંચ દિવસીય મહોત્સવમાં દર્શકો અને ફિલ્મના શોખીનોને આકર્ષવા માટે બહુવિધ સેગમેન્ટોનો સમાવેશ થશે.

## ફેસ્ટિવલનો ઉદ્દેશ

- લદ્દાખને આકર્ષક ફિલ્મ સ્થળ તરીકે પ્રદર્શિત કરવા તેમજ સ્થાનિક ફિલ્મ નિર્માતાઓને પ્રોત્સાહન આપવા માટે ઈન્ટરેક્ટિવ અને એક્સપોઝર પ્લેટફોર્મ બનાવવાના ઉદ્દેશથી પાંચ દિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

નોંધ : (1) લેહ કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં સ્થિત છે.

(2) લેહ દ્વારા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત ફિલ્મ ઉત્સવોના નિર્દેશાલયના સહયોગથી આ મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



## FRIDAY Questions

1. તાજેતરમાં કયા બે દેશ વચ્ચે 'સુર્ય કિરણ'નામની સૈન્ય કવાયતનું આયોજન થયું હતું ?

(A) ભારત–નેપાળ (B) ભારત–મ્યાનમાર

(C) ભારત–ઓસ્ટ્રેલિયા (D) ભારત–ઓમાન **(A)**

2. તાજેતરમાં ભારત અને નેપાળની સેનાઓ વચ્ચે ઉત્તરાખંડ રાજ્યના પિથોરાગઢમાં સંયુક્ત કવાયત 'સૂર્ય કિરણ' ની કેટલામી આવૃત્તિ શરૂ થઈ છે ?

(A) 12મી (B) 15મી (C) 11મી (D) 21મી **(B)**

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'પેટન્ટ (સુધારો) નિયમો, 2021' રજૂ કર્યા છે. આ અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓ માટે કેટલી પેટન્ટ ફી ઘટાડવામાં આવી છે ?

(A) 50% (B) 60% (C) 70% (D) 80% **(D)**

4. વિશ્વના સૌથી ઉંચા ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન હિમાચલ પ્રદેશના કયા સ્થળે કરવામાં આવ્યું છે ?

(A) શિમલા (B) કાઝા (C) સોલન (D) મંડી **(B)**

5. લેહ 'હિમાલયન ફિલ્મ ફેસ્ટિવલ' (Himalayan Film Festival)ની કેટલામી આવૃત્તિનું આયોજન કરશે ?

(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(A)**

6. 'લેહ' શહેર કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલ છે ?

(A) જમ્મુ કાશ્મીર (B) લદ્દાખ (C) ઉત્તરાખંડ (D) હિમાચલપ્રદેશ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંરક્ષણ મંત્રાલયે 118 યુદ્ધ ટેન્કો માટે 7523 કરોડનો ઓર્ડર આપ્યો

તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે ભારતીય સેના માટે 118 'મેઈન બેટલ ટેન્ક' (Main Battle Tank-MBT) અર્જૂનની ખરીદી માટે રૂ. 7523 કરોડનો ઓર્ડર આપ્યો છે.

- સંરક્ષણ મંત્રાલયે હેવી વ્હીકલ ફેક્ટરી (HVF), ચેન્નઈને અર્જૂન MK-1A ટેન્કોની સપ્લાય માટે આ ઓર્ડર આપ્યો છે.

### અર્જૂન MK-1A યુદ્ધ ટેન્ક વિશે



MBT MK-1A અર્જૂન ટેન્ક એ 'અર્જૂન ટેન્ક'નું સુધારેલું નવું સંસ્કરણ છે, તે ભારતીય સેનાની તમામ ભૂમિ ક્ષેત્રમાં ગતિશીલતા, ફાયરપાવર અને અસ્તિત્વ વધારવા માટે રચાયેલ છે.

- આ ટેન્ક 72 નવી સુવિધાઓ અને વધુ સ્વદેશી સાધનો સાથે બનાવવામાં આવી છે.
- તે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ની અન્ય પ્રયોગશાળાઓ સાથે કોમ્બેટ વ્હીકલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (CVRDE) દ્વારા ડિઝાઈન અને વિકસાવવમાં આવી છે.
- નોંધનીય અર્જૂન મેઈન બેટલ ટેન્ક પ્રોજેક્ટની શરૂઆત DRDO દ્વારા વર્ષ 1972માં કરવામાં આવી હતી.

### મહત્ત્વ

7,523 કરોડનો આ ઓર્ડર સંરક્ષણ ક્ષેત્રમાં 'મેક ઈન ઈન્ડિયા' પહેલને વધુ પ્રોત્સાહન આપશે અને 'આત્મનિર્ભર ભારત'નો દરજ્જો પ્રાપ્ત કરવાની દિશામાં એક મોટું પગલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### MK-1A અને MK-II

અર્જુન 'MK-1'ના વિકાસ પછી તેના 'MK-1A' અને 'MK-II' જેવા સુધારેલા વર્ઝન વિકસાવવામાં આવ્યા છે.

- અર્જુન 'MK-1'માં સુધારેલ ફાયરપાવર અને ટ્રાન્સમિશન સિસ્ટમની સુવિધા છે, તેમણે વર્ષ 2019માં તેના અંતિમ સંકલન પરીક્ષણો પૂર્ણ કર્યા હતા.
- જ્યારે અર્જૂન 'MK-II' ઈલેક્ટ્રો–ઓપ્ટિકલ સેન્સર અને હાઈ–પાવર લેસર સાથે હળવા વજનની ફ્યુચરિસ્ટિક મેઈન બેટલ ટેન્ક (FMBT) છે.

## સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર-2020 અંતર્ગત ગુજરાતી ભાષા માટે સુશ્રી કાશ્યપી મહાની પસંદગી

નવી દિલ્હી સ્થિત રવિન્દ્ર ભવન ખાતે સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો. ચંદ્રશેખર કંબારની અધ્યક્ષતામાં આયોજીત અકાદમીની કાર્યકારી મંડળની બેઠકમાં 24 પુસ્તકોની 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2020' માટે પસંદગી કરવામાં આવી હતી.

- આ અંતર્ગત સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર-2020 ગુજરાતી ભાષા માટે સુશ્રી કાશ્યપી મહાની પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2015માં હિન્દીમાં મૃદુલા સિન્હા દ્વારા લેખિત નવલકથા 'પરિતપ્ત લંકેશ્વરી'ના 2016માં પ્રકાશિત થયેલા ગુજરાતી અનુવાદ માટે તેમને આ પુરસ્કાર એનાયત થયો છે.
- સંસ્કૃત ભાષામાં અનુવાદ માટે 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2020' મંજુષા કુલકર્ણીને આપવામાં આવ્યો છે. તેમણે પ્રકાશ આમટેના મરાઠી પુસ્તક 'પ્રકાશવત'નો સંસ્કૃતમાં 'પ્રકાશમાર્ગ' તરીકે અનુવાદ કર્યો છે.
- અંગ્રેજી ભાષામાં અનુવાદ માટે 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2020' શ્રી શ્રીનાથ પેરૂરને આપવામાં આવ્યો છે. તેમણે કન્નડ ભાષાનો ઉપન્યાસ 'ઘાચર ઘોચર'નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો.
- હિન્દી ભાષામાં અનુવાદ માટે 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2020' શ્રી ટી. ઈ. એસ. રાઘવનને આપવામાં આવ્યો છે. તેમને તમિલ કવિતા 'તિરૂક્કુરલ'નો હિન્દીમાં અનુવાદ કર્યો હતો.

## સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર

આ પુરસ્કાર માટે વર્ષ 2020માં જુદી જુદી ભાષાના 24 અનુવાદિત પુસ્તકોની પસંદગી કરવામાં આવી છે.

- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 50,000 ઉપરાંત તામ્રપત્ર એનાયત થાય છે.

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી દિલ્હી એ ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે.

- અર્જૂન મેઈન બેટલ ટેન્ક પ્રોજેક્ટની શરૂઆત DRDO દ્વારા વર્ષ 1972માં કરવામાં આવી હતી.
- તેને 'નેશનલ એકેડમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
- સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' પણ દર વર્ષે એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર

તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા વર્ષ 2019-20 માટે 'રાષ્ટ્રીય સેવા યોજના' (NSS) પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

### રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર

વર્ષ 2019-20 માટે 'રાષ્ટ્રીય સેવા યોજના' પુરસ્કારો ત્રણ અલગ–અલગ કેટેગરીમાં આપવામાં આવ્યા છે.

- જેમકે, યુનિવર્સિટીઓ, પ્લસ ટુ કાઉન્સિલ, NSS એકમો અને તેમના કાર્યક્રમ અધિકારીઓ તથા સ્વયંસેવકોને આપવામાં આવ્યા છે.

### સ્થાપના

રાષ્ટ્રીય સેવા યોજનાની 25મી વર્ષગાંઠ નિમિત્તે વર્ષ 1993-94માં યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા NSS પુરસ્કારોની સ્થાપના કરવામાં આવી હતી.

### ઉદ્દેશ

યુવા એન.એસ.એસ વિદ્યાર્થી સ્વયંસેવકોને સમુદાય સેવા દ્વારા તેમનું વ્યક્તિત્વ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવા.

– એન.એસ.એસ સ્વયંસેવકો દ્વારા સમાજના જરૂરિયાતોને પહોંચી વળવા માટે કાર્યક્રમ અધિકારીઓ અને કાર્યક્રમ કોઓર્ડિનેટરોને પ્રોત્સાહિત કરવા.

– એન.એસ.એસ સ્વયંસેવકોને સમુદાય કાર્ય પ્રત્યે નિઃસ્વાર્થ સેવા ચાલુ રાખવા માટે પ્રેરિત કરવા.

### રાષ્ટ્રીય સેવા યોજના (NSS)

રાષ્ટ્રીય સેવા યોજના (NSS)એ કેન્દ્રીય ક્ષેત્રની એક યોજના છે જે સ્વૈચ્છિક સમુદાય દ્વારા યુવાન વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ અને ચારિત્ર્યના વિકાસના ઉદ્દેશ સાથે વર્ષ 1969માં શરૂ કરવામાં આવી હતી.

- NSSની વિચારધારા મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત છે.
- તેનું સુત્ર છે 'હું નહીં પણ તમે' (Not me but You) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### NSS સ્વયંસેવકો

તેઓ નિયમિત અને વિશેષ શિબિર પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક સુસંગતતાના મુદ્દાઓ પર કામ કરે છે.




- જેમાં સાક્ષરતા અને શિક્ષણ, આરોગ્ય, કુટુંબ કલ્યાણ અને પોષણ, પર્યાવરણીય સંરક્ષણ, સામાજિક સેવા કાર્યક્રમો, મહિલા સશક્તિકરણ કાર્યક્રમો, આર્થિક વિકાસ પ્રવૃત્તિઓ સંબંધિત કાર્યોક્રમો, આપત્તિઓ બચાવ અને રાહત વગેરેનો સમાવેશ થાય છે.

1. તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે 'હેવી વ્હીકલ ફેક્ટરી' (HVF), ચેન્નાઈને કેટલી અર્જૂન MK-1A ટેન્કોની સપ્લાય માટે ઓર્ડર કર્યો છે ?

(A) 118 (B) 78 (C) 68 (D) 90 **(A)**

2. અર્જુન MK-1A યુધ્ધ ટેન્ક વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(1) MBT MK-1A ટેન્ક એ 'અર્જુન ટેન્કનું સુધારેલું નવું સંસ્કરણ છે.

(2) તે ભારતીય સેનાની તમામ ગતિશિલતા, ફાયર પાવર અને અસ્તિત્વ વધારવા માટે રચાયેલ છે.

(3) આ યુધ્ધ ટેન્ક 72 નવી સુવિધાઓ અને વધુ સ્વદેશી સાધનો સાથે બનાવામાં આવી છે.

(4) આ ટેન્ક બેંગ્લોર સ્થિત HVF દ્વારા વિસસાવવામાં આવી છે તથા તેની ડિઝાઈન પણ તૈયાર કરી છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

3. 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર, 2020' ગુજરાતી ભાષા માટે કોની પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી અજયભાઈ સોની (B) સુશ્રી બકુલા ઘાસવાલા

(C) શ્રી કુમારપાળ દેસાઈ (D) સુશ્રી કાશ્યપી મહા **(D)**

4. તાજેતરમાં 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર, 2020' ગુજરાતી ભાષા માટે સુશ્રી કાશ્યપી મહાની પસંદગી કરવામાં આવી છે. તેમને હિન્દીમાં મૃદુલા સિન્હા દ્વારા લેખિત કઈ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ કરવા માટે આ પુરસ્કાર એનાયત થયો છે ?

(A) શિખર સુર્યન (B) કલ્યાણી (C) પરિતપ્ત લંકેશ્વરી (D) સ્વપ્ન સારસ્વત **(C)**

5. સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2020 માટે જુદી–જુદી ભાષાના કેટલા અનુવાદિત પુસ્તકોની પંસદગી કરવામાં આવી છે ?

(A) 18 (B) 24 (C) 26 (D) 30 **(B)**

6. સંસ્કૃત ભાષામાં અનુવાદ માટે 'સાહિત્ય અકાદમી અનુવાદ પુરસ્કાર 2020' કોને આપવામાં આવ્યો છે ?

(A) સુશ્રી મંજૂષા કુલકર્ણી (B) સુશ્રી સંધ્યા કુંદનાણી

(C) સુશ્રી મંજુ મોદી (D) સુશ્રી કાશ્યપી મહા **(A)**

7. રાષ્ટ્રીય સેવા યોજનાનું સુત્ર શું છે ?

(A) Strengh's Orgin is in Science (B) Not me but You

(C) Yoga: karmashu Kaushalyam (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER

## ગુજરાત

➤ **રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ અને સચિવ અધિકારીઓ અઠવાડિયાના પ્રથમ બે દિવસ સોમવાર અને મંગળવારે સામાન્ય નાગરિક મુલાકાતીઓને મળશે.**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રથમ કેબિનેટ બેઠકમાં પ્રજાજનો માટે સુવિધાલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. તદઅનુસાર રાજ્યના દૂરદરાજના ગામો કે અંતરિયાળ વિસ્તારોમાંથી સચિવાલયમાં પોતાના કામો અને રજૂઆતો માટે આવતા સામાન્ય નાગરિકોને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓએ અને અધિકારીશ્રીઓએ સોમવાર અને મંગળવારે મુલાકાત માટેનો સમય ફાળવવાનો રહેશે. આ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંત્રીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓને આ બે દિવસો (સોમવાર અને મંગળવાર) દરમિયાન કોઈ બેઠકો, મીટીંગ કે અન્ય કાર્યક્રમો નહિ યોજવા સૂચના આપી છે.

➤ **ભાષાવિદ્ ડો. યોગેન્દ્ર વ્યાસનું નિધન**

પ્રસિધ્ધ ભાષાવિદ્ અને ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર ડો. યોગેન્દ્ર વ્યાસનું તાજેતરમાં નિધન થયું છે. શ્રી યોગેન્દ્ર ધીરૂભાઈ વ્યાસનો જન્મ 6 ઓક્ટોબર, 1940ના રોજ અમદાવાદ ખાતે થયો હતો. તેઓ ગુજરાતી નવલકથાકાર અને ભાષાવિદ્ હતા. તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના ડિરેક્ટર પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત 1980 થી ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્યભવનમાં ભાષા વિજ્ઞાનના રીડર પણ હતા. કુલ 27 પુસ્તકના લેખક અને 24 પુસ્તકના સંપાદક ડો. યોગેન્દ્ર વ્યાસને તેમના પાંચ પુસ્તકને જે–તે વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કાર મળેલા છે. 'બે કિનારાની વચ્ચે' (1982) અને 'કૃષ્ણ જન્મ' (1983) તેમની લઘુનવલો છે તથા 'કિશોર કથા' અને 'મનોરંજક બોધકથા'ઓ તેમનું બાળ સાહિત્ય છે. આ ઉપરાંત 'બોલી વિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ', ભાષા વિજ્ઞાન અને ભાષા કૌશલ્યોનું શિક્ષણ, સામાજિક ભાષા વિજ્ઞાન વગેરે તેમના ભાષાશાસ્ત્રને લગતા પુસ્તકો છે.

## ભારત

➤ **હાઈબોડોન્ટ શાર્કના અવશેષો**

'જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા' અને 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–રૂરકી'ના સંશોધકોએ કરેલી શોધમાં રાજસ્થાનના જેસલમેર બેસિનમાંથી હાઈબોડોન્ટ શાર્કની નવી લુપ્ત પ્રજાતિઓના અવશેષો મળ્યા છે. હાઈબોડોન્ટ શાર્ક ટ્રાયસિક સમયગાળા અને પ્રારંભિક જુરાસિક સમયગાળા દરમિયાન દરિયાઈ અને મીઠા પાણીના બંનેમાં જોવા મળતું હતું. જેસલમેર બેસિન પ્રદેશમાંથી એકત્રિત કરાયેલા 30 થી વધુ દાંતના નમૂનાઓ દર્શાવે છે કે આ પ્રજાતિઓ લગભગ 160 થી 168 મિલિયન વર્ષો પહેલા આ પ્રદેશમાં હતી.

➤ **PEDA એ EV ચાર્જિંગ સ્ટેશનો માટે CESL સાથે જોડાણ કર્યુ**

'પંજાબ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી' (PEDA)એ પંજાબમાં ઈલેક્ટ્રિક વાહનો માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવા કન્વર્જન્સ એનર્જી સર્વિસીસ લિમિટેડ (CESL) સાથે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. CESL એનર્જી એફિસિએન્સી સર્વિસિઝ લિમિટેડની પેટાકંપની છે. આ MoU પર હસ્તાક્ષર અને PEDA સાથે આ સહયોગ દ્વારા CESL તેના EV ટ્રાન્ઝિશન પોર્ટફોલિયોને વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે. તે પંજાબ રાજ્યમાં સુલભ અને સસ્તું ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવાનો પ્રયત્ન કરે છે. આ ભાગીદારી ઘણા સ્થળોએ પબ્લિક ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા માટેનો રોડમેપ પણ સ્થાપિત કરશે. 'પંજાબ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી' (PEDA)ની સ્થાપના વર્ષ 1991મા પંજાબમાં નવીનીકરણીય ઉર્જા કાર્યક્રમો તેમજ ઉર્જા સંરક્ષણ કાર્યક્રમોને પ્રોત્સાહન અને વિકાસ માટે રાજ્ય નોડલ એજન્સી તરીકે કરવામાં આવી હતી.

➤ **નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ**

તાજેતરમાં મિલિટરી નર્સિંગ સર્વિસના નાયબ મહાનિર્દેશક બ્રિગેડિયર શ્રીમતી એસ.વી.સરસ્વતીને રાષ્ટ્રપતિ દ્વારા 'નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ– 2020' થી સન્માનિત કરવામાં આવ્યા છે. લશ્કરી નર્સિંગ સેવામાં તેમના નોંધપાત્ર યોગદાનને ધ્યાનમાં રાખીને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. 'નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ'એ કોઈ નર્સને તેની નિસ્વાર્થ સેવા અને અપવાદરૂપ કાર્યક્ષમતા માટે આપવામાં આવે છે. બ્રિગેડિયર એસ.વી.સરસ્વતી આંધ્રપ્રદેશના ચિત્તૂર જિલ્લાના છે અને 28 ડિસેમ્બર, 1983ના રોજ લશ્કરી નર્સિંગ સેવામાં જોડાયા હતા. ઓપરેશન થિયેટર નર્સ તરીકે તેમણે 3000 થી વધુ ઈમર્જન્સિ અને જીવન બચાવ સર્જરીમાં ભાગ લીધો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **વર્ષ 2022 સુધીમાં ભારત 'ટ્રાન્સ ચરબી મુક્ત' (Trans Fat-Free) બની જશે**

તાજેતરમાં 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' (FSSAI) દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે અનુસાર ભારત વર્ષ 2022 સુધીમાં 'ટ્રાન્સ ચરબી મુક્ત' (Trans Fat- Free) બની જશે. નોંધનીય છે કે ભારત WHO દ્વારા નિર્ધારિત સમયગાળાના એક વર્ષ પહેલા એટલે કે 2022 સુધીમાં ટ્રાન્સ ચરબી મુક્ત થઈ જશે. ટ્રાન્સ ચરબી અથવા વધારાની ચરબીએ સૌથી હાનિકારક પ્રકારની ચરબી છે. WHOના જણાવ્યા અનુસાર ટ્રાન્સ ચરબીનું વધારે સેવન ( 1% થી વધુ) હૃદય રોગ અને મૃત્યુદરના વધતા જોખમ સાથે સંકળાયેલું છે. નોંધનીય છે કે WHOએ વર્ષ 2023 સુધીમાં વૈશ્વિક ખાદ્ય પુરવઠામાંથી ઔદ્યોગિક રીતે ઉત્પાદિત ટ્રાન્સ ચરબી દૂર કરવા માટે એક વ્યાપક યોજના શરૂ કરી હતી.

➤ **PFRDA 'રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી' દિવસની ઉજવણી કરશે.**

પેન્શન રેગ્યુલેટર 'પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' (PFRDA) 1 ઓક્ટોબર, 2021ના રોજ 'નેશનલ પેન્શન પ્રણાલી' (National Pension System- NPS) દિવસની ઉજવણી કરવા માટે તૈયાર છે. NPS એ પેન્શન અને નિવૃત્તિ આયોજનને પ્રોત્સાહન આપવા માટે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત અભિયાન પણ શરૂ કર્યુ છે. PFRDA દરેક નાગરિકોને નિવૃત્તિ પછી નાણાકીય રીતે સધ્ધર ભાવિ સુનિશ્ચિત કરવા માટે નાણાકીય કુશન બનાવવાની યોજના માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી આ અભિયાનનું આયોજન કરશે. આ અભિયાન લોકોમાં પેન્શન યોજના વિશે જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરે છે. નોંધનીય છે કે PFRDA એ નાણા મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ કામ કરતી નિયમનકારી સંસ્થા છે. તે સમગ્ર ભારતમાં પેન્શનની એકંદર દેખરેખ અને નિયમનનું ધ્યાન રાખે છે.

## વિશ્વ

➤ **ચંદ્રનું 'નોબેલ ક્રેટર'**

નાસાએ ચંદ્રના દક્ષિણ ધ્રુવનું એક ક્ષેત્ર 'નોબેલ ક્રેટર'ને તેના આગામી મિશનના લેન્ડિંગ સ્થળ તરીકે પંસદ કર્યુ છે. નાસાના ઓર્ટેમિસ પ્રોગ્રામના ભાગરૂપે નાસાનું 'વેલેટિસ ઈન્વેસ્ટિગેટિંગ પોલર એક્સપ્લોરેશન રોવર' (Viper)ને વર્ષ 2023માં સ્પેસ–એક્સના ફાલ્કન–હેવી રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવશે. તે ચંદ્રના દક્ષિણ ધ્રુવનું અન્વેષણ કરનાર પ્રથમ રોવર હશે. આ પ્રદેશનો અત્યાર સુધી માત્ર નાસાના ચંદ્ર રિકોનિસન્સ ઓર્બિટર, ઈસરોના ચંદ્રયાન– 1 અને ચંદ્રયાન– 2 જેવા રિમોટ સેન્સિંગ સાધનોનો ઉપયોગ કરીને અભ્યાસ કરવામાં આવ્યો છે. આ મિશન દ્વારા પ્રાપ્ત ડેટા વિશ્વભરના વૈજ્ઞાનિકોને બ્રહ્માંડની ઉત્પતી, વિકાસ અને ઈતિહાસને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે. અને ભવિષ્યમાં ચંદ્ર અને અન્ય અવકાશી પદાર્થોના મિશન માટે પણ મહત્વપૂર્ણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **બાંગ્લાદેશના વડાપ્રધાનને 'SDG Progress Award'થી સન્માનિત કરવામાં આવ્યા**

બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાને 'SDG Progress Award'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ એવોર્ડ યુનાઈટેડ નેશન્સ પ્રાયોજિત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા પ્રદાન કરવામાં આવ્યો હતો. તેમને ગરીબી સમાપ્ત કરવા અને બધા માટે શાંતિ અને સમૃધ્ધિ સુનિશ્ચિત કરવા બદલ આ એવોર્ડ એનાયત થયો છે. SDSN ફોરમનો મુખ્ય ઉદ્દેશ ટકાઉ વિકાસ માટે વ્યાવહારુ ઉકેલોને પ્રોત્સાહન આપવા અને વિકાસ પ્રદર્શન માટે દેશ–વિશિષ્ટ સ્પર્ધાત્મકનું મૂલ્યાંકન કરવા વૈશ્વિક વૈજ્ઞાનિક અને તકનીકી કુશળતાને એકત્રિત કરવાનો છે.

## ICE ? Questions

- રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓ અઠવાડિયાના કયા બે દિવસે સામાન્ય નાગરિક મુલાકાતીઓને મળશે ? – સોમવાર અને મંગળવાર
- તાજેતરમાં ભાષાવિદ્ અને નલવલકથાકાર ડો. યોગેન્દ્ર વ્યાસનું નિધન થયું છે. તેનું પૂરું નામ જણાણો ? – ડો. યોગેન્દ્ર ધીરૂભાઈ વ્યાસ
- ‘કૃષ્ણ જન્મ’ અને ‘બે કિનારાની વચ્ચે’ની કોની નવલકથા છે ? – ડો. યોગેન્દ્ર વ્યાસ
- ડો. યોગેન્દ્ર વ્યાસનું જન્મ સ્થળ જણાવો ? – અમદાવાદ
- ‘જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા’ અને ‘ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી–રુરકી’ના સંશોધકોને રાજસ્થાનના ________ બેસિનમાંથી ‘હાઈબોડોન્ટ શાર્ક’ની પ્રજાતિઓના અવશેષો મળ્યા છે. – જેસલમેર
- પંજાબ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (PEDA)એ પંજાબમાં ઈલેક્ટ્રિક વાહનો માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવા માટે કોની સાથે જોડાણ કર્યુ છે ? – CESL
- તાજેતરમાં મિલિટરી નર્સિંગ સર્વિસના કયા બ્રિગેડિયરને ‘નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રીમતી એસ.વી. સરસ્વતી
- તાજેતરમાં નાસાએ ચંદ્રના દક્ષિણ ધ્રુવનું એક ક્ષેત્ર ________ ને તેના આગામી મિશનના લેન્ડિંગ સ્થળ તરીકે પંસદ કર્યુ છે. – નોબેલ ક્રેટર
- તાજેતરમાં કયા દેશના વડાપ્રધાનને 'SDG Progress Award'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીના
- કયા વર્ષ સુધીમાં ભારત ‘ટ્રાન્સ ચરબી મુક્ત’ બની જશે ? – 2022
- PFRDA કયા દિવસે ‘રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી’ દિવસની ઉજવણી કરશે ? – 1 ઓક્ટોબર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




# Question Of this Week

1. તાજેતરમાં બિટકોઈનના સ્થાપક સતોશી નાકામોતો (Satoshi nakamato)ની પ્રતિમાનું અનાવરણ કયા સ્થળે કરવામાં આવ્યું છે ? – બુડાપેસ્ટ (હંગેરી દેશની રાજધાની છે)

2. કયા દેશમાં સ્થિત ભારતીય ઉચ્ચ આયોગે 57મો ભારતીય તકનીકી અને આર્થિક સહયોગ (ITEC) દિવસ ઉજવ્યો છે ? – બાંગ્લાદેશ
(16 સપ્ટેમ્બર, 2021ના રોજ ઢાકામાં ભારતીય હાઈ કમિશને 57મી ભારતીય તકનીકી અને આર્થિક સહયોગ (ITEC)ની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમનું આયોજન બાંગ્લાદેશમાં ભારતના હાઈ કમિશનર શ્રી વિક્રમ દોરાઈસ્વામીએ કર્યુ હતું.)

3. મહેસાણા જિલ્લાના સુશ્રી તસ્નીમ મીર કઈ રમત સાથે સંકળાયેલ છે ? – બેડમિન્ટન
(તાજેતરમાં ફ્રાન્સના વોઈરોનમાં યોજાયેલી FZ ફોર્ઝા અલ્પસ જુનિયર ઈન્ટરનેશનલ સિરીઝ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં સુશ્રી તસ્નીમ મીર અને શ્રી સનીથ ધ્યાનંદ ચેમ્પિયન બન્યા છે.)

4. તાજેતરમાં મહિલાઓની 1500 મીટર દોડમાં રાષ્ટ્રીય વિક્રમ કોણે તોડ્યો છે ? – સુશ્રી હરમીલન કૌર બેન્સ

5. તાજેતરમાં કયા રાજ્યએ 'કૂપર મહસીર'ને રાજ્ય માછલી તરીકે જાહેર કરી છે, જેને સ્થાનિક રીતે 'કેટલી' નામ આપવામાં આવ્યું છે ? – સિક્કિમ
(સિક્કિમ સરકારે માછલીના મહત્વ અને સંરક્ષણના ઉપાયો પર ભાર આપવા માટે 'કૂપર મહસીર'ને રાજ્ય માછલી તરીકે જાહેર કરી છે. જેને સ્થાનિક રીતે 'કેટલી' નામ આપવામાં આવ્યું છે. આ માછલીનું જૈવિક નામ 'નિયોલિસોચિલસ હેક્સાગોનોલેપિસ' છે.)

6. કઈ સંસ્થા દર વર્ષે 'Crime India' રિપોર્ટ બહાર પાડે છે ? – નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો

7. સ્ટાર્ટ–અપ્સને ટેકો આપવા માટે કયા રાજ્યએ દક્ષિણ એશિયાના સૌથી મોટા પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર 'Digital Hub'નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – કેરળ
(તાજેતરમાં કેરળના મુખ્યમંત્રી શ્રી પિનારાયી વિજયને તાજેતરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 200 સ્ટાર્ટ–અપ્સને ટેકો આપવાની ક્ષમતા ધરાવતા ડિજિટલ હબનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.)

8. 'નોર્ધન કોલફિલ્ડ્સ લિમિટેડ' (NCL) કયા ભારતીય રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં 75 'ફુલવારી કેન્દ્રો' શરૂ કરવા જઈ રહ્યું છે ? – મધ્યપ્રદેશ

9. સ્પેનના કૈનરી દ્વીપ સમૂહના લા–પાલ્મામાં સ્થિત કયા જ્વાળામુખીમાં તાજેતરમાં વિસ્ફોટ થયો છે ? – કંબ્રે વિએજા જ્વાળામુખી

10. ADBએ 2021-22માં ભારતના GDP ગ્રોથ માટેનો અંદાજ અગાઉના 11% થી ઘટાડીને ___ કર્યો છે ? – 10%

11. સંસદમાં APEDA Act કયા વર્ષમાં પસાર થયો હતો ? – 1985
(કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલમેન્ટ ઓથોરિટી એક્ટ (APEDA Act) વર્ષ 1985માં સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. જેના કારણે APEDAની સ્થાપના થઈ હતી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ કોમર્શિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સ્ટેટિક્સના તાજેતરના અંદાજ મુજબ એપેડા પ્રોડક્ટ્સની નિકાસમાં એપ્રિલથી ઓગસ્ટ 2021 દરમિયાન ગયા વર્ષની સમાન સમય મર્યાદાની સરખામણીમાં 21.8%નો વધારો નોંધાયો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી માટે કઈ સંસ્થા 'સેઈલિંગ રેગાટ્ટા અને સેઈલ પરેડ' યોજવા જઈ રહી છે ?
– ભારતીય નૌકાદળ

13. UGCના સહયોગથી કયા મંત્રાલયે 'Ensuring Inclusive Governance : Making Every Person Matter' વિષય પર એક વેબિનારનું આયોજન કર્યુ છે ? – શિક્ષણ મંત્રાલય

14. ARAIએ ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો માટે સ્વદેશી ચાર્જર વિકસાવ્યું છે. આ ARAIનું પૂરું નામ જણાવો ?
– ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા

15. CBSE/NCERT અભ્યાસક્રમમાં ફેરફાર માટે તાજેતરમાં રચાયેલી 12 સભ્યોની સમિતિના અધ્યક્ષ કોણ છે ?
– શ્રી કસ્તુરીરંગન

16. તાજેતરમાં કયા રાજ્યએ 'ધાર્મિક સંરચના (સંરક્ષણ) બિલ, 2021' પસાર કર્યુ છે ? – કર્ણાટક
(કર્ણાટકની વિધાનસભાએ તાજેતરમાં કર્ણાટક ધાર્મિક સંરચના (સંરક્ષણ) બિલ, 2021' પસાર કર્યુ છે. જાહેર સ્થળોએ ધાર્મિક બાંધકામોને સુરક્ષિત કરવાના ઉદ્દેશથી આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું.)

17. ઓડિશા વન વિભાગે પ્રાણી–માનવ સંઘર્ષને સમાપ્ત કરવા માટે કયા પ્રાણી પર 'રેડિયો કોલર' સ્થાપિત કરવાની દરખાસ્ત કરી છે ? – હાથી

18. કઈ સંસ્થાએ 'Transforming Food Systems for Rural Prosperity' રિપોર્ટ બહાર પાડ્યો છે ?– IFAD

19. ભારતીય સેના દ્વારા દર વર્ષે કયા દિવસે 'હાઈફા ડે'ની ઉજવણી કરવામાં આવે છે ? – 23 સપ્ટેમ્બર
(ભારતીય સેના દ્વારા દર વર્ષે 23 સપ્ટેમ્બરના રોજ 'હાઈફા ડે'ની ઉજવણી કરવામાં આવે છે. હાઈફા ડેનો મુખ્ય ઉદ્દેશ હાઈફાની લડાઈમાં લડનારા ભારતીય સૈનિકોને આદર બતાવવાનો છે. હાઈફાનું યુધ્ધ 23 સપ્ટેમ્બર, 1918ના રોજ થયું હતું. જેમાં જોધપુર, મૈસુર અને હૈદરાબાદના સૈનિકો જેઓ 15મી શાહી સેવા કેવેલરી બ્રિગેડનો ભાગ હતા, જેમણે મિત્રો રાષ્ટ્રો વતી પ્રથમ વિશ્વ યુધ્ધમાં ભાગ લઈને જર્મની અને તુર્કીના કબજા હેઠળના ઈઝરાયલના 'હાઈફા શહેર'ને મુક્ત કરાવ્યું હતું.)

20. શ્રી નસ્ટિન ટુડો ત્રીજી વખત કયા દેશા વડાપ્રધાન તરીકે ચૂંટાયા છે ? – કેનેડા

21. ભારતે તાજેતરમાં કયા જોખમી રસાયણના સંગ્રહ માટે નિયમો હળવા કર્યા છે ?
– એમોનિયમ નાઈટ્રેટ અને કેલ્શિયમ કાર્બાઈડ

22. તાજેતરમાં સુશ્રી કમલા ભસીનનું નિધન થયું છે. તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
– મહિલા અધિકાર કાર્યકર્તા અને લેખક

23. ફોબર્સ દ્વારા 2021મા હાઈએસ્ટ કમાણી કરનાર ખેલાડીઓની જાહેર કરેલી યાદીમાં પ્રથમ ક્રમે કોણ છે ?
– શ્રી રોજર ફેડરર

24. કઈ બેન્કે નાણાકીય વર્ષ 2026 સુધી ટકાઉ ધિરાણ માટે ભારતને 30,000 કરોડ રૂપિયાની લોન આપવાનું વચન આપ્યું છે ? – એક્સિસ બેન્ક

25. તાજેતરમાં શ્રીલંકાએ કોવિડ રસી ખરીદવા માટે કોની પાસેથી 100 મિલિયન ડોલરની લોનની માંગણી કરી છે ?
– IMF

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT